આકાશવાણી, અમદાવાદ

19-09-2025 Midday: 2.30 pm

Friday Regional News

## AGRICULTURE MACHINERY

કૃષિ યાંત્રિકીકરણ પ્રોત્સાહન આપવા ટ્રેક્ટર સહિતની મશીનરીની ખરીદી માટે રાજ્યના એક લાખ 92 હજાર 700થી વધુ ખેડૂતોને પૂર્વ મંજૂરી હુકમ અપાયા છે. એક સત્તાવાર યાદીમાં જણાવ્યા મુજબ ચાલુ વર્ષથી ખેડૂતોને ટ્રેક્ટરની ખરીદી પર એક લાખ રૂપિયા સુધીની સહાય મળવાપાત્ર રહેશે.
ગત અંદાજપત્રમાં ટ્રેક્ટર ખરીદી માટે ગત વર્ષની સરખામણીએ બમણી 800 કરોડ રૂપિયા અને અન્ય મશીનરીની ખરીદી માટે બમણાથી પણ વધુ 590 કરોડ 98 લાખ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી હતી. રાજ્ય સરકારે છેલ્લા એક દાયકામાં ટ્રેક્ટર માટે ત્રણ લાખ 24 હજારથી વધુ ખેડૂતોને 1542 કરોડ તેમજ અન્ય મશીનરી માટે ત્રણ લાખ 79 હજાર ખેડૂતોને 1238 કરોડ રૂપિયાની સહાય આપી છે.

. . . . . . . . . . .

## PM BHAVNAGAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આવતીકાલના કાર્યક્રમને લઈને ભાવનગરમાં સઘન પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છે. અધિક પોલીસ મહાનિદેશક અને પોલીસ મહાનિરીક્ષક કક્ષાના 4 અધિકારીઓ સહિત 4 હજારથી વધારે પોલીસકર્મી તૈનાત કરવામાં આવ્યા છે. હવાઈમથકથી જવાહર મેદાન સુધીના 6 સેક્ટરમાં વિભાજીત રૂટમાં ત્રિસ્તરીય સુરક્ષા ગોઠવવામાં આવી છે. સભા સ્થળના કાર્યક્રમમાં ધાબા પોઈન્ટ, રૂટ પોઈન્ટ, ડોગ સ્ક્વોર્ડ ઉપરાંત રૂટ પર નેત્રમ્ કમાન્ડ એન્ડ કન્ટ્રોલ રૂમ પરથી પણ પોલીસની નજર રહેશે.

. . . . . . . . . . .

## TAPI FILM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસથી એક સપ્તાહ સુધી "ચલો જીતે હૈ", ફિલ્મ રાજ્યના દરેક સિનેમાઘરોમાં નિઃશુલ્ક બતાવવામાં આવી રહી છે, તાપી જિલ્લાના વ્યારા ખાતે પણ રાજહંસ સિનેમામાં આ ફિલ્મના દરરોજ બે શો ચાલી રહ્યા છે. ફિલ્મને જોઈ શાળાના બાળકોને નવી ઉર્જા, નવી પ્રેરણા મળી રહી છે. આ અંગે એક વિદ્યાર્થિની જાહ્નવી વળવીએ પ્રતિક્રિયા આપી.

. . . . . . . . . . .

## GST REFORMS AUTO

કર માળખાને સરળ બનાવવા અને નાગરિકો પર નાણાકીય બોજ હળવો કરવાની દિશામાં એક સીમાચિહ્નરૂપ પગલામાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ વર્ષે સ્વતંત્રતા દિવસના ભાષણમાં આગામી પેઢીના GST સુધારાઓની જાહેરાત કરી. નવા કર દરો સોમવારથી લાગુ થશે. નાની કાર પરનો GST ઘટાડીને 18 ટકા કરાતા મધ્યમ વર્ગના પરિવારો માટે કાર વધુ સસ્તી બનશે અને ઓટો સેક્ટરને પ્રોત્સાહન મળશે તેમ એક કાર ડીલર કંપનીના CEO હિરેન સાંચલાએ જણાવ્યુ.

. . . . . . . . . . .

## BHARUCH DAIRY ELECTION

ભરૂચની દૂધધારા ડેરીની ચૂંટણીમાં આજે મતદાન પ્રક્રિયા ચાલી રહી છે. ભરૂચના આયોજન ભવન તો નર્મદા જિલ્લામાં રાજપીપળા એપીએમસી ખાતે સવારથી જ શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પ્રક્રિયાનો પ્રારંભ થયો હતો. કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છે. આયોજન ભવન ખાતે ભરૂચ જિલ્લાના 7 ઝોનના 182 મતદારો મતાધિકારનો ઉપયોગ કરી રહ્યા હોવાનું ચૂંટણી અધિકારી મનીષા માનાણીએ જણાવ્યુ.

. . . . . . . . . . .

## VALSAD-EARTHQUAKE

વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના ભંડારકચ્છ વિસ્તારના ગામોમાં છેલ્લા ત્રણ દિવસથી ભૂકંપના આંચકા અનુભવાઇ રહ્યા છે. જેને લઈ લોકો ભયભીત હાલતમાં મુકાયા છે. ગત ૧૬ અને ૧૭ ની રાત્રિ દરમિયાન બે આંચકા જ્યારે ગઈકાલની રાત્રિ દરમિયાન સવાર સુધીમાં ૬ થી ૭ આંચકા આવતા લોકોએ અનુભવ્યા.

. . . . . . . . . . .

## PANCHAMAHAL EXTRA BUS

આસો નવરાત્રીને લઈને ગોધરા એસટી વિભાગ દ્વારા પાવાગઢના દર્શનાર્થીઓની સુવિધા માટે મહત્વનો નિર્ણય લેવાયો છે. તે મુજબ 21 સપ્ટેમ્બરથી 7 ઓક્ટોબર સુધી વધારાની 50 બસો ફાળવવામાં આવી છે. જેના સુચારું આયોજન માટે 250 જેટલા કર્મચારીઓને ફરજ સોંપવામાં આવી છે. સ્થળ ઉપર મંડપ, બેઠક વ્યવસ્થા, પીવાના પાણીની વ્યવસ્થા તથા બસમાં બેસવા માટે લાઈન દોરી સહીતની વ્યવસ્થા બાબતે મુસાફરોને કોઈ પણ જાતની મુશ્કેલી ન થાય તે માટે વિભાગના વિવિધ અધિકારીઓ દ્વારા મોનીટરીંગ કરાશે.

. . . . . . . . . . .